RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 17, Dt.28-4-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતે પાક.ની ૧૬ યુટયુબ ચેનલો પર લગાવ્યો પ્રતિબંધ

## ગૃહવિભાગે ભારત વિરુદ્ધ પ્રોપેગન્ડા ફેલાવતી અને સાંપ્રદાયિક સહિતના મોરચે ભડકાવનારા અહેવાલ આપતી પાકિસ્તાનની ૧૬ યુટયુબ ચેનલોનું પ્રસારણ તાત્કાલીક રોકી દીધુ : સ્થાનિક મીડીયા માટે પણ ગાઈડલાઈન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


પહેલગામ હુમલાના પગલે પાકિસ્તાન પર ડિપ્લોમેટીક સ્ટ્રાઈક કર્યા બાદ હવે ભારતે ડિઝીટલ સ્ટ્રાઈક પણ કરી છે અને પાકની ડોન ન્યુઝ, જીઓ ન્યુઝ સહિતની યુટયુબ ચેનલો પર ભારતમાં પ્રતિબંધ મુકી દીધો છે. કુલ ૧૬ પાકિસ્તાની યુટયુબ ચેનલનું પ્રસારણ તાત્કાલિક અસરથી ભારતમાં રોકી દેવાયુ છે.

ભારતે આ માટે યુટયુબ પ્લેટફોર્મને આ ચેનલોનું ભારતમાં પ્રસારણ ન થાય તે જોવા જણાવ્યુ છે. આ ચેનલો સતત ભારત વિરોધી ઝેર ઓકી રહી હોવાનું બહાર આવ્યા બાદ તેના પર પ્રતિબંધ મુકી દીધો છે. જેમાં કેટલીક ક્રિકેટ સહિતની ચેનલોનો પણ સમાવેશ થાય છે.

જીઓ તથા ડોન ન્યુઝ પાકિસ્તાનના અખબારોની મહત્વપૂર્ણ ચેનલ છે અને તે અખબારો દ્વારા પણ ભારત વિરોધી પ્રચાર કરવામાં આવી રહ્યો હતો. બીજી તરફ કેટલીક ભારતીય ચેનલો પાકિસ્તાનના પત્રકારો અને રાજનેતાઓને પણ ડિબેટમાં બોલાવીને તેમને પાકિસ્તાનનું ઝેર ઓકવાનો મોકો આપે છે તેને પણ હવે તાકીદ કરાઈ છે. ગૃહમંત્રાલયે આ ચેનલો દ્વારા ભારતીય સેના અને સુરક્ષાદળો ઉપરાંત સાંપ્રદાયિક અને ભ્રામક સમાચાર ફેલાવાનો પ્રયાસ કરી રહ્યા હતા અને તેથી તેને તાત્કાલીક રીતે ભારતમાં પ્રતિબંધ કરી દેવામાં આવ્યો છે. જે રીતે યુટયુબ પર ભારતીય યુટયુબર પણ ભારતીય સૈન્યની હિલચાલ સહિતના મુદે માહિતી અને વિડીયો સહિતના પ્રસારણો કરી રહ્યા હતા.

તેને પણ પ્રતિબંધીત કરી દેવાયા છે અને મીડીયા માટે પણ ગાઈડલાઈન જારી કરી છે જેમાં સતાવાર સિવાયના કોઈપણ પ્રકારના સૈન્યની હિલચાલ કે અન્ય કોઈ કાર્યવાહી પ્રસિદ્ધ નહી કરવા પણ તાકીદ કરવામાં આવી છે.

ભારતે ડિઝીટલ સ્ટ્રાઈક કરીને જે રીતે પાકિસ્તાનની તોડ યુટયુબ




ચેનલ પર પ્રતિબંધ મુકયો છે. તેમાં પાકિસ્તાનના પુર્વ ક્રિકેટર શોએબ અખ્તરની યુટયુબ ચેનલનો પણ સમાવેશ થાય છે. શોએબ અખ્તર ક્રિકેટ સંબંધીત આ ચેનલ ચલાવે છે અને રાવલપીંડી એકસપ્રેસ તરીકે તે જાણીતો છે. અન્ય જે ચેનલો પ્રતિબંધીત કરવામાં આવી.

તેમાં સમા ટીવી, એઆરવાય ન્યુઝ, બોલ ન્યુઝ, રફતાર, સુનો ન્યુઝ ઉપરાંત પત્રકાર ઈર્શાદ ભટ્ટી, અસમા શિરાગી, ઉમર ચીમા, મુનીર ફારૂકની ચેનલ પણ પ્રતિબંધીત કરવામાં આવી છે.અન્ય ચેનલમાં રેફરન્સ, સમા સ્પોર્ટસ, ઉજજેર ક્રિકેટનો સમાવેશ થાય છે અને કુલ ૬.૩ કરોડ જેટલા સબસ્ક્રાઈબરો આ તમામ ચેનલોમાં હતા. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત દ્વારા પાકિસ્તાન વિરુદ્ધ સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. એવામાં હવે ભારતે પાકિસ્તાન સામે ડિજિટલ સ્ટ્રાઈક કરી છે. ગૃહ મંત્રાલયની ભલામણો બાદ હવે ભારત સરકારે પાકિસ્તાનની ઘણી યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂકી દીધો છે. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરમાં પહલગામ આતંકવાદી ઘટના બાદ ગૃહ મંત્રાલયની ભલામણોને ધ્યાનમાં લઈને ભારત, તેની સૈન્ય અને સુરક્ષા એજન્સીઓ વિરુદ્ધ ભડકાઉ અને સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ સામગ્રી, જૂઠાણા અને ખોટી માહિતી ફેલાવવા બદલ ઘણી પાકિસ્તાની યુટ્યુબ ચેનલો પર પ્રતિબંધ મૂક્યો છે. ઈઈઈને પણ ચેતવણી આપવામાં આવી છે. પહેલગામ હુમલાનું રિપોર્ટીંગ કરતી વખતે ઈઈઈ આતંકવાદીઓને ઉગ્રવાદીઓ કહી રહ્યું હતું. સરકારે આ કાર્યવાહી ગૃહ મંત્રાલયની ભલામણ બાદ કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રક્ષા મંત્રી રાજનાથ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ બેઠક થઈ. ૪૦ મિનિટ સુધી ચાલેલી આ બેઠકમાં રાજનાથે પ્રધાનમંત્રીને પહેલગામ હુમલા વિશે વિગતવાર માહિતી આપી. આ મીટિંગમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (ગજઅ) અજિત ડોભાલ પણ હાજર હતા. બીજી તરફ, આજે જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં બોલાવવામાં આવેલા ખાસ સત્રમાં પહેલગામમાં માર્યા ગયેલા પ્રવાસીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.આ દરમિયાન જમ્મુ-કાશ્મીર પોલીસે ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ દરોડા એવા આતંકવાદીઓના ઠેકાણાઓ પર પાડવામાં આવ્યા છે જે પીઓકેમાંથી કાર્યરત છે અને પહેલગામ હુમલા સાથે જોડાયેલા છે.

## સતત ત્રીજા દિવસે રાજયમાં રાજકોટ સૌથી ગરમ શહેર, પારો ૪૪.૪ ડિગ્રીએ પહોંચ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં સતત ત્રીજા દિવસે રવિવારે રાજકોટ સૌથી ગરમ શહેર રહ્યું હતું. રાજકોટમાં તાપમાનનો પારો ૪૪.૪ ડિગ્રીએ પહોંચ્યો હતો. હજુ આવનારા ચાર દિવસમાં દરિયાકાંઠાવાળા વિસ્તારમાં ગરમ અને ભેજવાળા વાતાવરણની શકયતા છે. તેમજ રાજયમાં હવામાન વિભાગે ૧લી મે સુધી તાપમાનમાં સતત વધારો થવાની આગાહી કરી છે. આગાહી મુજબ આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં, પરંતુ ૨ દિવસ બાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે. તેમજ પવનની દિશા દક્ષિણ પશ્ચિમથી પશ્ચિમ રહેશે.



રાજકોટમાં રવિવારે અંગ દઝાડતો તાપ અનુભવાયો હતો. બપોરે હવામાં ભેજ અને પવન બન્ને ઘટી જતા શહેરનું મહત્તમ તાપમાન ૪૪.૪ ડિગ્રી ઉપર નોંધાયું હતું. શહેરમાં બપોરે જ તાપમાન ૪૪ ડિગ્રી નજીક થઈ જતા લોકો ખૂબ જ અકળાયા હતા. રાજકોટમાં એપ્રિલ મહિનામાં જાણે આકરા તાપની લહેર ફરી વળી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત લઘુતમ તાપમાન ૨૫ ડિગ્રી નોંધાયું હતું.

## ચારધામ યાત્રા જવા માટે શ્રદ્ધાળુઓનું ઓફલાઈન રજીસ્ટ્રેશન શરૂ


### ઉત્તરાખંડ સરકારે હરિદ્વાર, દેહરાદૂન, ઋષિકેશ, ચમોલી, રુદ્રપ્રયાગ અને ઉત્તરકાશી જિલ્લામાં ૫૦થી વધુ નોંધણી કેન્દ્રો સ્થાપ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ઉત્તરાખંડની ચારધામ યાત્રા શરૂ થવા જઈ રહી છે, આ માટે આજથી રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે. સવારથી જ હરિદ્વારમાં ભક્તો નોંધણી માટે લાઈનમાં જોવા મળ્યા હતા. દેશના લાખો લોકો ચારધામ યાત્રામાં જાય છે. હિન્દુ ધર્મમાં ચારધામનું વિશેષ મહત્વ છે. આ વર્ષે પણ ચારધામ યાત્રા માટે ઓફલાઈન નોંધણી આજથી ૨૮ એપ્રિલથી શરૂ થઈ ગઈ છે. હરિદ્વારમાં ૨૦ મફત રજીસ્ટ્રેશન કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે.

ચારધામ યાત્રા એપ્રિલના છેલ્લા દિવસથી શરૂ થઈ રહી છે એટલે કે ચારધામ યાત્રા ૩૦ એપ્રિલ ૨૦૨૫થી શરૂ થશે, તે જ દિવસે ગંગોત્રી અને યમુનોત્રી ધામના દરવાજા ખુલશે. તે જ સમયે, કેદારનાથ ધામના દરવાજા ૨ મેના રોજ ખુલશે, જ્યારે બદ્રીનાથ ધામના દરવાજા ૪ મેના રોજ ખુલશે. ધ્યાનમાં રાખો કે ચાર ધામ યાત્રા પર જતા દરેક પ્રવાસીએ નોંધણી કરાવવી ફરજિયાત છે. તમને જણાવી દઈએ કે સરકારે હરિદ્વાર, દેહરાદૂન, ઋષિકેશ, ચમોલી, રુદ્રપ્રયાગ અને ઉત્તરકાશી જિલ્લામાં ૫૦થી વધુ નોંધણી કેન્દ્રો સ્થાપ્યા છે. આ સ્થળોએથી યાત્રા શરૂ કરતા પહેલા ભક્તો નોંધણી કરાવી શકે છે.

હરિદ્વાર જિલ્લા પ્રવાસન અધિકારી સુશીલ નૌટિયાલે જણાવ્યું હતું કે, નસ્રાચાર ધામ યાત્રા માટે ઓફલાઈન નોંધણીની સુવિધા



આજથી શરૂ કરવામાં આવી છે. અમે પ્રવાસીઓ માટે ૨૦ કાઉન્ટર સ્થાપ્યા છે, જેમાં અપંગ, વરિષ્ઠ નાગરિકો અને વિદેશી નાગરિકો માટે અલગ કાઉન્ટરનો સમાવેશ થાય છે. આજે નોંધણીનો પહેલો દિવસ છે. આજે નોંધણી મર્યાદા ૧૦૦૦ છે. ઉચ્ચ અધિકારીઓ પાસેથી મળેલી સૂચનાઓના આધારે તેમાં ફેરફાર કરવામાં આવશે.સ્રસ્ર કયા દસ્તાવેજોની જરૂર પડશે? તમને જણાવી દઈએ કે મુસાફરોએ નોંધણી દરમિયાન આધાર કાર્ડ પોતાની સાથે રાખવું પડશે, કારણ કે નોંધણી કાઉન્ટર પર તમારી પાસેથી આધાર કાર્ડ અને મોબાઈલ નંબર માંગવામાં આવશે. ઉપરાંત જો કોઈને કોઈ બીમારી હોય, તો તેણે પોતાનો તબીબી ઈતિહાસ પણ આપવો પડશે. નોંધનીય છે કે ગયા વર્ષે એટલે કે ૨૦૨૪ માં, ૪૮ લાખથી વધુ ભક્તોએ ચારધામની મુલાકાત લીધી હતી. જ્યારે ૬૫ લાખ ભક્તોએ નોંધણી કરાવી હતી. જ્યારે કેદારનાથ અને બદ્રીનાથમાં ફકત ૩૦,૮૭,૪૧૭ ભક્તોએ હાજરી નોંધાવી હતી.

## ૧૫ કાશ્મીરીઓએ આતંકીઓની મદદ કર્યાનો ખૂલાસો

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ઈલેક્ટ્રોનિક દેખરેખના આધારે ૧૫ સ્થાનિક કાશ્મીરી ઓવરગ્રાઉન્ડ વર્કર્સ અને આતંકવાદી સહયોગીઓને મુખ્ય શંકાસ્પદ તરીકે ઓળખવામાં આવ્યા છે જેમણે પહેલગામ હત્યાકાંડમાં પાકિસ્તાની હુમલાખોરોને મદદ કરી હોવાની શંકા છે. એવું માનવામાં આવે છે કે સંસાધનોની વ્યવસ્થા કરવા ઉપરાંત, તેને પાકિસ્તાનથી શષાોનો માલ પણ મળ્યો હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે બહુ-એજન્સી તપાસ પાંચ મુખ્ય શંકાસ્પદો પર કેન્દ્રિત છે, જેમાંથી ત્રણને ઘેરી લેવામાં આવ્યા છે અને આખરે તેમની ધરપકડ થઈ શકે છે. પોલીસ અન્ય બે ઘત્રક્ષ ને શોધી રહી છે.

હુમલાના દિવસે અને તે પહેલાં પાંચેય માણસો આસપાસમાં હતા. તેના ફોન વિસ્તારમાં સક્રિય હતા. ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ દ્વારા એક ચેટ પ્રકાશમાં આવી જેમાં અટકાયતમાં લેવાયેલા ત્રણ મુખ્ય શંકાસ્પદો એકબીજા સાથે પહેલગામમાં પાકિસ્તાની આતંકવાદીઓ અને તેમને કેવી રીતે મદદ કરવી તે વિશે વાત કરી રહ્યા હતા.

દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે હુમલાની સંભવિત કડીઓ શોધવા માટે પૂછપરછ માટે ૨૦૦ થી વધુ ઓવરગ્રાઉન્ડ વર્કર્સની અટકાયત કરવામાં આવી છે. હુમલાખોરો હજુ પણ પહેલગામના ગાઢ જંગલોમાં છુપાયેલા હોઈ શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે પહેલગામ હુમલામાં પાંચેયની ભૂમિકા દર્શાવતા પૂરતા પુરાવા છે.

ગઈઅ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, ઈન્ટેલિજન્સ બ્યુરો અને છઅઠ ના તપાસકર્તાઓની બનેલી સંયુક્ત પૂછપરછ ટીમ દ્વારા ૧૦ અન્ય ઘત્રક્ષ ની પૂછપરછ કરવામાં આવી રહી છે કારણ કે તેઓ ભૂતકાળમાં કાશ્મીરમાં પાકિસ્તાની આતંકવાદીઓને મદદ કરતા હોવાનું જાણવા મળે છે અને ૨૨ એપ્રિલના રોજ થયેલા હુમલા સ્થળની નજીક હતા. ૧૫ સ્થાનિક આતંકવાદી સહયોગીઓ દક્ષિણ કાશ્મીરના છે અને તે બધાને જમ્મુ અને કાશ્મીર પોલીસ દ્વારા પહેલાથી જ ઘત્રક્ષ તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા છે અને માનવામાં આવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં દક્ષિણ કાશ્મીરમાં



અનેક હુમલાઓમાં સામેલ પાકિસ્તાની આતંકવાદીઓને મદદ કરી છે.


આ આતંકવાદી સહયોગીઓએ પાકિસ્તાની આતંકવાદીઓને સંસાધનોમાં મદદ કરી, તેમને જંગલોમાં માર્ગદર્શન આપ્યું અને આતંકવાદી હુમલાઓમાં ઉપયોગ માટે પાકિસ્તાનથી શષાોના માલ પણ મેળવ્યા. પહેલગામ હુમલાની ટીમમાં ૪-૫ આતંકવાદીઓ હતા, જેમાંથી ઓછામાં ઓછા બે પાકિસ્તાની અને બે સ્થાનિક કાશ્મીરી હતા, તેના માટે સહાયક અને સંસાધનોના વ્યવસ્થાપક તરીકે તેની ભૂમિકા દર્શાવતા પૂરતા સંજોગોવશાત્ પુરાવા છે.

## ચીને પાકની તટસ્થ તપાસની માંગણીને સમર્થન આપ્યુ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામ હુમલાને પગલે પાકિસ્તાને કાગારોળ શરુ કરી દીધી છે અને હાલમાં જ પાકિસ્તાનના વિદેશવિભાગ એ આ હુમલા સંદર્ભમાં રશિયા અને ચીન મારફત તટસ્થ તપાસની જે માંગણી કરી છે તેમાં રશિયાએ હજુ પાકિસ્તાનને કોઈ ભાવ આપ્યો નથી.

ઉલ્ટાનું રશિયામાં થયેલ એક ત્રાસવાદી હુમલાનો તઝાકીસ્તાનમાં એક ત્રાસવાદી પાકિસ્તાનમાં શરણ લઈ રહ્યો છે તેને સુપ્રત કરવા માંગણી કરી છે પણ ચીને પાકિસ્તાન સાથે જઈને બંને દેશોને સંયમ જાળવવા અને પાકની તટસ્થ તપાસની માંગણીને સમર્થન આપ્યુ



છે.પાકિસ્તાનના વિદેશમંત્રી ઈશાકદાર અને ચીનના વિદેશમંત્રી વાંગ યી વચ્ચે થયેલી બેઠક બાદ ચીને પાકિસ્તાનને ટેકો જાહેર કરી દીધો છે અને ગઈકાલે બંને દેશોના સંયુક્ત નિવેદનમાં પણ આ સંકેત આપી દીધો છે અને નિષ્પક્ષ તપાસની માંગણીને સમર્થન આપ્યુ છે.

આમ ચીનના વિદેશમંત્રીનું આ નિવેદન એ સમયે આવ્યુ છે કે જયારે ભારતે આ પ્રકારની નિષ્પક્ષ તપાસની માંગણી અંગે પાકિસ્તાનને કોઈ કોઠુ નહી આપવાનું વલણ લીધુ છે. આમ ઝડપથી હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પહેલગામ હુમલાના પ્રત્યાઘાત પડવાનું શરુ થયુ છે.

## પાક. સેનામાં ખડભડાટઃ જવાનોના ધડાધડ રાજીનામા પડવા લાગ્યા

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

ભારત એક તરફ પાકિસ્તાન સામે નિર્ણાયક લશ્કરી પગલાની તૈયારી કરી રહ્યું છે અને પાક સાથેનો વ્યાપાર પણ રોકી દીધો છે તે સમયે હવે કોઈ કારણ વગર યુદ્ધમાં જવા સામે પાકિસ્તાનના સૈન્યમાં જબરો અસંતોષ સર્જાઈ રહ્યો હોવાના અહેવાલ સોશ્યલ મીડીયામાં વહેતા થયા છે.

પાકના ટોચના જનરલ જેમાં સૈન્ય વડા અસીમ મુનીરનો પણ સમાવેશ થાય છે. તેઓએ પોતાના કુટુંબને પાક.ની બહાર સલામતી મોકલી આપ્યા બાદ પાક વિપક્ષને પણ હવે દેશની સરકાર પર ભરોસો રહ્યો નથી અને બિલાવલ ભુટ્ટોએ તેના પરિવારને કેનેડા મોકલી દીધું હોવાના અહેવાલ છે.

તે સમયે પાકના સૈન્ય જવાનોના કુટુંબીજનો પણ હવે ભારત સામેના યુદ્ધનો વિરોધ કરી રહ્યા છે. જે રીતે પહેલગામમાં નિર્દોષ સહેલાણીઓની હત્યા થઈ તેથી કાશ્મીરીઓની રોજી રોટી જ છીનવાઈ રહી છે અને હાલમાંજ પાકમાં બલુમ આર્મીએ જાફર એકસપ્રેસ પર હુમલો કર્યો તેમાં પાક સેનાના જવાનોની મોટા પાયે હત્યા કરી હતી.

અગાઉ પાકમાંજ અલગતાવાદીઓએ એક સૈન્ય શાળા પર હુમલો કરતા પાક સેનાના જવાનોના બાળકો માર્યા ગયા હતા. આમ દેશની સરકારોની નીતિથી સેનાનેજ ખોટી રીતે બલીદાન દેવા પડે છે. આ સ્થિતિમાં પાક સેનાના ૨૫૦૦થી વધુ જવાનોના રાજીનામા પડયા છે. જેઓ આ યુદ્ધમાં જવા માંગતા નથી અને પાક સેનાન જનરલો સામે નવી કટોકટી સર્જાઈ છે.



બીજી તરફ પાકિસ્તાન સૈન્ય સહિતના ઉચ્ચ અધિકારીઓએ ચેતવણી આપી છે. ખાસ કરીને લેફ.જનરલ ઉમર બુખારી કે જે ૧૧મી કોપ્સના કમાન્ડર છે. તેણે સૈન્ય વડા અસીમ મુનીરને એક તાકીદના રિપોર્ટમાં વધુને વધુ જવાનો અને ૨૦૦થી વધુ અધિકારીઓ કે જે પશ્ચિમી સરહદ પર તૈનાત છે તેઓ પોતે પરત આવવા માંગતા હોવાની જાણ હેડકવાટરને કરી છે અને તેને કારણે પણ પાકિસ્તાનના સૈન્ય વડાની ચિંતા વધી છે.

## પંજાબમાં ખેતરો ખાલી કરવા આદેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પહેલગામ હુમલા બાદ હવે પાકિસ્તાન સામે આકરી લશ્કરી પગલા લેવાશે તેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સહિતના તમામ નેતૃત્વએ સંકેત આપી દીધા છે અને દિલ્હીમાં ઉચ્ચસ્તરીય સરકાર સેન્ય વચ્ચે બેઠકોનો દૌર ચાલુ છે તો પાક સાથેની સરહદો પર પણ હવે બોર્ડર સિકયોરીટી ફોર્મ (બીએસએફ) પુરી રીતે એકશનમાં આવી ગઈ છે.

ખાસ કરીને કાશ્મીર સરહદે ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને યુદ્ધના સમયમાં સ્વરક્ષણ કેમ કરવું તે અંગે ગ્રામીણ ક્ષેત્રમાં લોકોને તાલીમ આપવાનું શરૂ કર્યુ છે તો યુદ્ધ છેડાય તો સરહદી ગામો ખાલી પણ કરાવવા પડે તેવા સંકેત છે.

તેથી તેના માટે પણ તૈયાર રહેવા જણાવવામાં ગ્રામીણ ક્ષેત્રમાં લોકોએ હવાઈ સહિતના હુમલાથી બચવા બંકરો જે અગાઉ બનાવ્યા હતા તે પણ ફરી ખોલી નાખ્યા છે અને ઘરેલુ બંકરોની લોકોએ સાફસફાઈ કરી છે.

જેથી કટોકટીના સમયમાં તેમાં સલામત રહી શકાય. સતાવાર યાદી મુજબ સરહદી ક્ષેત્રના ગ્રામ્ય સુરક્ષા ગ્રુપ ફરી એકશનમાં આવ્યા છે. ખાસ કરીને રાજૌરીના નૌશેરામાં આ ગતિવિધિ શરૂ થઈ છે.

ગ્રામીણ લોકો દેશના સેન્યને સહયોગ આપે અને દુશ્મનની હિલચાલ પર નજર રાખે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.બીજી તરફ પંજાબ સરહદે પણ સુરક્ષા દળોએ સરહદી ક્ષેત્રના ખેતરોમાં આગામી બે દિવસમાં પાકની વાવણી-લલણી પુરી કરવા અને કોઈપણ સ્થિતિ માટે તૈયાર



રહેવા જણાવાયુ છે. ભારત-પાક સરહદ પર ઝીરો-ઝોન તરીકે ઓળખાતા ક્ષેત્રમાં હજારો હેકટરમાં ખેતી થાય છે. પંજાબ સરહદે જ ૫૩૦ કી.મી. લાંબો આંતરરાષ્ટ્રીય સરહદ પર ૪૫૦૦૦ એકર જમીનમાં કૃષી પ્રવૃતિ ચાલુ છે. અહી ગુરુદ્વારા સહિતને વિશ્વાસમાં લઈને બીએસએફએ યુદ્ધની સ્થિતિ માટે તૈયાર રહેવા જણાવાયુ છે. અહી સરહદ નજીકની ચોકીઓ આસપાસના ખેતરોમાં પહોંચવા જે ખાસ ગેટ છે . તે પણ જરૂર પડે બંધ કરવામાં આવશે. અહી વરસાદના કારણે કૃષી શેડયુલ પર અસર થઈ છે. મોટાભાગના ખેડુતોએ જો કે તેની ચોમાસા પુર્વેની કૃષી પ્રવૃતિ પુરી કરી છે પણ પશુઓના ચારા વિ. માટે જે ઘઉંના લલણી પછીના મુળાઓના ભંડારો છે. તે ખસેડવા પડશે. પંજાબના તરણતારણ, ફિરોજપુર, અમૃતસર અને ફાઝીલ્કા જીલ્લાની સરહદો પાક સાથે જોડાયેલ છે.

# હિન્દુ સંગઠનો દ્વારા પહેલગામ આતંકવાદી હુમલામા મૃત્યુ પામેલ લોકોને શ્રધાંજલી અપાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાજેતરમાં જમ્મુ-કાશ્મીરનાં પહેલગામ નજીક નિર્દોષ પ્રવાસીઓ પર હુમલાની ઘટના સામે આવી હતી. જેમાં આતંકવાદીઓએ ગોળી મારી ૨૮ જેટલા લોકોની નિર્મમ હત્યા કરી હતી. આ બનાવને લઈને દેશભરમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યા છે ત્યારે રાજકોટમાં આજે અનોખો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં સિવિલ હોસ્પિટલ ચોકથી બહુમાળી ચોક સુધી આતંકવાદીઓની નનામી કાઢવામાં આવી હતી અને પાકિસ્તાન મુર્દાબાદ સહિતના નારા લગાવી આતંકવાદનો ખાત્મો કરવા સરકાર કડક પગલાં ભરે એવી માંગ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત મુજબ આજે સિવિલ હોસ્પિટલ ચોકમાં વિવિધ હિંદુ સમાજના લોકો એકઠા થયા હતા તેમજ આતંકવાદીઓના પૂતળા બનાવવામાં આવ્યા હતા અને જેમ કોઈ મૃત વ્યક્તિની અંતિમ યાત્રા નીકળે એવી રીતે આતંકવાદીઓની નનામી કાઢવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલ ચોકથી નીકળેલી આ નનામી બહુમાળી ચોક ખાતે પૂર્ણ થઈ હતી. આ દરમિયાન પાકિસ્તાન મુરદાબાદ સહિતના વિવિધ નારાઓ લગાવવામાં આવ્યા હતા. આ સાથે આતંકવાદ વિરોધી બેનરો સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

## મુંજકા-૨ પ્રાથમિક શાળાનું સતત ત્રીજા વર્ષે શિષ્યવૃત્તિ પરીક્ષા તેમજ ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શન

### સરકારી શાળાના વિદ્યાર્થીઓની શિક્ષણ તેમજ ખેલકૂદમાં આગેકૂચ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુંજકા-૨ પ્રાથમિક શાળા ના વિદ્યાર્થીઓએ સતત ત્રીજા વર્ષે શિષ્યવૃત્તિ પરીક્ષા તેમજ ખેલ મહાકુંભમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતાં શિક્ષણ સમિતિના ચેરમેન, વાઈસ ચેરમેન, સહિતના અધિકારીઓએ શાળાને અભિનંદન પાઠવ્યા હતા.

વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે ખેલકૂદમાં પણ આગળ વધે, તે માટે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોજનાબદ્ધ કામગીરી કરાઈ રહી છે.

ત્યારે મુંજકા-૨ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે રમત ગમતમાં પણ અગ્રેસર રહીને શાળાનું ગૌરવ વધારી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૮ ની વિદ્યાર્થિની ચારમી એન.એમ.એમ.એસ. પરીક્ષામાં સમગ્ર રાજકોટમાં બીજા ક્રમે આવી છે. ધો.૮ માં અભ્યાસ કરતી કિંજલ અને કોમલે ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષામાં ૬૦૦ મી. દોડ તેમજ ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન મેળવ્યા બાદ એન.એમ.એમ.એસ. પરીક્ષામાં પણ સારા માર્ક્સ સાથે પાસ થયા છે. ધોરણ-૫ માં લેવાનાર ઈઊઝ શિષ્યવૃત્તિ પરીક્ષામાં ૫ બાળકોએ ઉચ્ચ ગુણ સાથે મેરીટમા સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

શાળાની ઉપલબ્ધિ બદલ શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પૂજારાએ શાળામાં રમતગમતને લગતી તમામ માળખાગત સુવિધા ઉભી કરવામાં આવશે, તેમ કહ્યું હતુ.

વાઈસ ચેરમેન પ્રવિણભાઈ નિમાવતે કહ્યું કે, સરકારી શાળા બાળકોના સર્વાંગી વિકાસ માટે ઉત્તમ કામ કરી રહી છે.

રમત ગમત માટે શાળામાં સ્પેશિયલ કોચની નિમણૂક કરાઈ છે. ધોરણ-૮ ના બાળકોને નિઃશુલ્ક ટેબલેટ વિતરણ અરવિંદ મણિયાર ટ્રસ્ટની મદદથી કરાયા છે, આ ટેબલેટ્સ દ્વારા વિદ્યાર્થીઓ દરેક વિષયના વિડીયો જોઈ શિક્ષણ મેળવે છે. ટેબલેટમાં સોશિયલ મીડિયા તેમજ મોબાઈલ ગેમ્સને લગતી કોઈપણ અન્ય પ્રવૃત્તિ ન થઈ શકે તેવી વ્યવસ્થા કરાઈ છે.

આમ, સરકારી શાળાના વિદ્યાર્થીઓએ શિક્ષણ તેમજ ખેલકૂદમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે.

## વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ માં એ.સી.પી.સી. તથા એ.સી.પી.ડી.સી. નું હેલ્પ સેન્ટર (સાયબર સ્પેસ સેન્ટર) કાર્યરત

### ડિગ્રી તથા ડિપ્લોમા એન્જીનીયરીંગના એડમિશન તથા કેરિયરકાઉન્સિલિંગ માટે વિદ્યાર્થીઓને વિનામુલ્યે લાભ લેવા અપીલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વી.વી.પી.એન્જીનીયરીંગકોલેજ ખાતે એ.સી.પી.સી. તથા એ.સી.પી.ડી.સી. નું હેલ્પ સેન્ટર - સાયબર સ્પેસ સેન્ટર કાર્યરત થયેલ છે. જેમાંડિગ્રી તથા ડિપ્લોમા એન્જીનીયરીંગમાં એડમિશન લેવા માટે પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલીંગ,એડમિશન એલોટમેન્ટ અને તે અંગેની કાર્યવાહી વગેરે બાબતો માટે કોમ્પ્યુટર,પ્રિન્ટર,ઈન્ટરનેટ જેવી જરૂરી તમામ સુવિધા વિનામૂલ્યે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.ધોરણ ૧૨ સાયન્સ તથા ધોરણ ૧૦ પાસ વિદ્યાર્થીઓને આગળ ના ડિગ્રી તથા ડિપ્લોમા એન્જીનીયરીંગ અભ્યાસક્રમો માં એડમિશન માટે વિના મુલ્યે માર્ગદર્શન આપવામાં આવશે.

ભૂતકાળ અને હાલના વિદ્યાર્થીઓના અનુભવના આધારે વિદ્યાર્થીઓને જણાવવાનું કે સાયબર કાફે,પ્રાઈવેટ કન્સલ્ટન્ટ જેવા સેન્ટરમાં ફી આપવા જવાની જરૂર નથી,એ.સી.પી.સી. તથા એ.સી.પી.ડી.સી. દ્વારા ગુજરાતના તમામ મુખ્ય શહેરોમાં હેલ્પ સેન્ટર- સાયબર સ્પેસ ની માન્યતા આપવામાં આવેલ છે. વિદ્યાર્થી પોતાના યુઝર આઈ.ડી. અને પાસવર્ડ અજાણી જગ્યા પર ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓએ આપેલ ચોઈસ બદલી જાય તેવી શકયતાઓ છે. યુઝર આઈ.ડી. પાસવર્ડ અન્ય વ્યકિતને આપવાથી વિદ્યાર્થીને નુકસાન પણ ભોગવવું પડી શકે.

ઉપરોકત બાબત ની ખાસ કાળજીલઈ વી.વી.પી.એન્જીનીયરીંગકોલેજના નોડલ ઓફિસર તથા આચાર્યશ્રી ડો. પિયુષભાઈ વણઝારા જણાવે છે કેએન્જીનીયરીંગમાં એડમિશન લેવા માંગતા વિદ્યાર્થીઓને એ.સી.પી.સી.તથા એ.સી.પી.ડી.સીના માન્ય હેલ્પ સેન્ટર - સાયબર સ્પેસ સેન્ટર ની સેવા નો લાભ મેળવવો હિતાવહ છે.

ડિગ્રી અને ડિપ્લોમાએન્જીનીયરીંગના એડમિશન તથા કેરિયરકાઉન્સિલિંગ માટેવી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ હેલ્પ સેન્ટર-સાયબર સ્પેસ સેન્ટર સવાર ના ૦૭:૩૦ થી સાંજના ૦૪:૩૦ સુધી કાર્યરત હોય છે પ્રસ્તુત હેલ્પ સેન્ટર માં આચાર્યશ્રી ડો. પીયૂષભાઈ વણઝારા ના માર્ગદર્શન હેઠળ ડો. વિજયભાઈ વ્યાસ, પ્રો. મિત ભાઈ દવે વગેરે વીવીપી ના નિષ્ણાત કર્મચારીઓ વિદ્યાર્થી અને વાલીઓ ને નિષ્પક્ષ માર્ગદર્શન મળી રહે તે માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

વિદ્યાર્થીઓ અને વાલીઓને હેલ્પ સેન્ટર નો લાભ લેવા અપીલ કરતા વીવીપી ના ટ્રસ્ટીશ્રી કૌશિકભાઈ શુકલ, શ્રી હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડો. નવીનભાઈ શેઠે શુભેચ્છા પાઠવેલ છે

## લોકમાન્ય તિલક સ્નાનાગાર તા.૧-થી શરૂ રજીસ્ટ્રેશન આજથી કરી શકાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની રેસકોર્ષ સ્નાનાગાર શાખા ખાતેના લોકમાન્ય તિલક સ્નાનાગાર,રેસકોર્ષ જે હાલ જુલાઈ-૨૦૨૪ થી એપ્રિલ-૨૦૨૫ સુધી રિપેરીંગ/રિનોવેશનની કામગીરી સબબ સ્નાનાગાર જાહેર જનતા માટે બંધ રાખવામાં આવેલ હતો. જે હાલ તાઃ-૦૧ થી ફરીથી જાહેર જનતા માટે શરૂ કરવામાં આવે છે. જેમાંસ્નાનાગાર ખાતે શિખાઉ,જાણકાર તથા ચિલ્ડ્રન સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવનાર છે.

સ્નાનાગારની સુવિધાઓનુ ત્રીમાસીક રજીસ્ટ્રેશનતા.૨૮/૦૪/૨૦૨૫ સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી઼.ળિભ.લજ્ઞદ.શક્ષપરથીઓનલાઈન તથા રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના તમામ સિવિક સેન્ટર તથા વોર્ડ ઓફીસ ખાતે થઈ શકશે.

ગત ચોમાસા દરમ્યાન રેસકોર્ષ લોક માન્ય તિલક સ્નાનાગાર રીનોવેશન ની કામગીરી માટે બંધ કરવામાં આવેલ, તથા તે અન્વયે રૂ.૧.૬૩ના ખર્ચે મુખ્યત્વે નીચે મુજબની કામગીરી તા.૩૦/૪/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરી આગામી માસથી લોકો માટે ખુલો મુકવામાં આવનાર છે.

ડમુખ્ય સ્વીમીંગ પુલ તથા ચિલ્ડ્રન સ્વીમીંગ પુલની ટાઈલ્સનું નવીનીકરણ તથા વોટરપ્રુફીંગ કાડેક એરિયાનું વિસ્તૃતિકરણ તથા બ્યુટીફીકેશન ચિલ્ડ્રન માટે બોયસ તથા ગર્લ્સ શાવર રૂમ

ડપતરાંના ટેમ્પરરી પમ્પીંગ રૂમને બદલે નવુ પાકું બાંધકામ એક્વા જીમ માટે હોલની સુવિધાબેલેન્સીંગ ટેંકનું વિસ્તૃતિકરણ કરાશે

## ઝુમ્બા ફિટનેસઃ મોજ અને મ્યુઝિક સાથે હેલ્ધી લાઈફસ્ટાઈલ તરફ આગે કદમ

### ઝુમ્બા દ્વારા વજન ઘટાડવાના પ્રેરણાદાયક અનુભવો વર્ણવતા ફિટનેસ પ્રેમીઓ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે લોકોનું જીવન બેઠાડુ બની રહ્યું છે. જેના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો મેદસ્વિતા બાબતે કાળજી રાખવામાં ન આવે, તો આવા લોકો અન્ય અનેક રોગોમાં સપડાય તેવી સંભાવના છે. આથી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ફિટ ઈન્ડિયા માટે યોગાભ્યાસ, ખેલકૂદ, ડાન્સ, પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે.

આ ઉપરાંત, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રેડિયો વાર્તાલાપ નમન કી બાતથના એપિસોડમાં મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત થવાની અપીલ કરી છે. જેને ધ્યાને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે પસ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાતથ અભિયાન કાર્યરત કર્યું છે. જેમાં રાજ્ય સરકાર પહેલું સુખ તે જાતે નર્યા એકહેવતને ચરિતાર્થ કરવા નાગરિકોને સ્વાસ્થ્યની જાગૃતિ તથા મેદસ્વિતાના નિયંત્રણ માટે પ્રેરિત કરી રહી છે. ત્યારે મેદસ્વિતા નાબૂદી માટે વિવિધ પ્રકારના ડાન્સ થકી પણ લોકો વજન ઘટાડવાની સાથે તેને મેઈન્ટેન પણ કરી રહ્યા છે. જેનું જ્વલંત ઉદાહરણ છે, દિપાબેન સુચક, હીર શેઠ, ભારતીબેન દવે તથા અનેક લોકો જેઓએ ઝુમ્બા ફિટનેસ દ્વારા વજન ઘટાડીને સારી તંદુરસ્તી મેળવી છે.

આ અંગે વાત કરતા દિપાબેન સુચકે જણાવ્યું હતું કે, છ-આઠ મહિના પહેલા મારું વજન ૮૫ કિલોથી વધુ હતું, ત્યારે મને ચાલવા સહિતની બીજી ઘણી તકલીફો પડતી હતી. મારા માટે જીમ કે યોગ કરવાનું અઘરુ હતું. તેથી મેં મારા ઘર પાસે ઝુમ્બા ફિટનેસ સેન્ટર જોઈન કર્યું. ધીમે ધીમે હું રેગ્યુલર થઈ અને મજા આવવા લાગી. ઝુમ્બા ડાન્સના કારણે મારી ફિઝીકલ ફિટનેસ તથા મેન્ટલ ફિટનેસમાં ઘણો ચેન્જ આવ્યો. અને મે આઠ થી દસ મહીનામાં ૧૮ કીલો જેટલું વજન ઉતાર્યું છે. હાલમાં મારુ વજન ૬૮ કિલો જેટલું છે. મે ઝુમ્બા, ડાયટ અને સ્લીપ સાઈકલ દ્વારા મારું વજન ઉતાર્યુ. આ બાબતે સૌએ જાગૃત થવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલા આ મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં જોડાઈને મેં તો મારું વજન ઉતાર્યું છે અને મારા મિત્રો પણ પોતાનું વજન ઉતારી રહ્યા છે. રાજકોટના તમામ લોકો મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં જોડાઈને ઓબેસિટી ફ્રી બને તેવી શુભેચ્છા તેઓએ પાઠવી હતી. ઝુમ્બા ફિટનેસ દ્વારા વજન ઘટાડવા અંગે હીર શેઠે જણાવ્યું હતું કે, હું ઓવર વેટ તથા પી.સી.ઓ.ડી. જેવા હેલ્થ ઈસ્યુ થી પીડાતી હતી. જેના કારણે મારી ફિઝીકલ અને મેન્ટલ ફિટનેસ વચ્ચે બેલેન્સ ખોરવાઈ ગયુ હતું એટલે મેં ઝુમ્બા શરૂ કર્યા ૬ મહીના સુધી મેં નો સુગર, નો જંક ફૂડ, બેલેન્સ ડાયટ, પ્રોપર સ્લીપ સાઈકલની સાથે સાથે ડિસીપ્લીન અને એક પણ દિવસની રજા રાખ્યા વગર ફીટનેસ ઉપર પુરતું ધ્યાન આપીને ૧૩-૧૪ કિલો વજન ઉતાર્યુ છે. જેના કારણે મારો આત્મ વિશ્વાસ વધ્યો છે. તમામ લોકોએ વજન ઉતારીને હેલ્ધી લાઈફ જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ.રાજકોટના ઝુમ્બા ફિટનેસ ટ્રેઈનર મુસ્કાન વ્યાસ જણાવે છે કે, ઝુમ્બા ફિટનેસ વ્યક્તિની કાર્ડીયોવેસ્ક્યુલર હેલ્થને બુસ્ટ કરે છે, હોર્મોન બેલેન્સ કરે છે, હાર્ટને પણ હેપ્પી રાખે છે. જેનાથી વેઈટ લોસ ઝડપથી થાય છે. જે લોકોને વર્કઆઉટ બોરીંગ લાગે તે લોકો માટે ઝુમ્બા ફિટનેસની અંદર મ્યુઝિક અને ફન સાથે વર્કઆઉટ કરવું ખુબ જ સહેલું છે. ફન સાથે વર્કઆઉટ કરીએ ત્યારે માઈન્ડ અને બોડી હેપ્પી અને હેલ્ધી ફીલ કરે છે. અત્યારે ભારતમાં અને ગુજરાતમાં ઓબેસિટી એક મોટી ચેલેન્જ છે. જ્યાં જોઈએ ત્યાં આપણને વધુ વજનની સમસ્યાથી પીડાતા લોકો જોવા મળે છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નાગરિકોને સ્વાસ્થ્યની જાગૃતિ માટે શરૂ કરાવવામાં આવેલા મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનમાં મહત્તમ લોકોને જોડાવા અપીલ કરુ છું

# શહેર કોંગ્રેસમાં સંગઠન નવસર્જન અભિયાન સંપન્ન

### ટૂંક સમયમાં નવ નિયુક્ત કોંગ્રેસ પ્રમુખ અંગે નિર્ણય લેવાશેઃ નવ નિયુક્ત પ્રમુખની સાથે ભાજપના ભ્રષ્ટાચાર અને લોક પ્રશ્નો અંગે લડતમાં સાથે રહેવા અતુલ રાજાણીની ખાત્રી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આદરણીય રાહુલ ગાંધીની સૂચનાનુસાર સમગ્ર દેશભરમાં કોંગ્રેસ દ્વારા શરૂ કરાયેલા પસંગઠન નવસર્જન અભિયાનથના કાર્યકમો ચાલી રહ્યા છે. જે અંતર્ગત ગુજરાતમાં સૌપ્રથમ સંગઠનના નવા માળખા સાથે પુનઃ માટે રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે તારીખ ૨૫ ૨૬ અને ૨૭ ત્રણ દિવસ સુધી રાજકોટ શહેર કોંગ્રેસના વોર્ડ પ્રમુખો, વોર્ડ પ્રભારીઓ, પ્રદેશ કોંગ્રેસ હોદ્દેદારો, કોંગ્રેસના ફ્રન્ટલ સેલના ચેરમેનો, કોંગ્રેસના તમામ આગેવાનો, સિનિયર કોંગ્રેસના આગેવાનો, કાર્યકર્તાઓના અભિપ્રાયો, મંતવ્ય વન ટુ વન રજૂ કરવાની તક મળી હતી અને એઆઈસીસીના સેક્રેટરી રાજકોટ શહેર કોંગ્રેસ નિરીક્ષક તરીકે પધારેલા ડો. શ્રીરીવેલા પ્રસાદ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિરીક્ષકો પૂર્વ ધારાસભ્યો ઋત્વિકભાઈ મકવાણા, ભાવનગર મહાનગરપાલિકાના વિરોધ પક્ષના પૂર્વ નેતા જયદીપસિંહ ગોહિલ જામનગર શહેરના એડવોકેટ એમ કેગોજ સુરેન્દ્રનગરના મનુભાઈ પટેલ દ્વારા તમામ કાર્યકરો આગેવાનોને પૂરતો સમય આપી સાંભળવામાં આવેલ હતા. દરેકના અભિપ્રયો અને મંતવ્યો નોંધ કરી એઆઈસીસી માં રજૂ કરાયા બાદ આગામી દિવસોમાં ગુજરાત કોંગ્રેસમાં ટૂંક સમયમાં શહેર જિલ્લામાં નવ નિયુક્ત પ્રમુખ થઈ જશે. શહેરમાં એકાદ ડઝન જેટલા ઉમેદવારોએ પોતાના બાયોડેટા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે દાવેદારી કરી છે. ત્યારે નિરીક્ષકોના મંતવ્ય મુજબ લોકોના પ્રશ્નોને વાચા આપી શકે તેવા, શિક્ષિત હોય, કોંગ્રેસના કાર્યકર્મોમાં સક્રિય યોગદાન રહ્યું હોય તેવા દાવેદારોને અગ્રતા આપવામાં આવશે. શહેર કોંગ્રેસમાં ત્રણ દિવસ સુધી નિરીક્ષકો દ્વારા જાગનાથ ૪૧ ખાતે શેર કોંગ્રેસ સમિતિના કાર્યાલય તમામ આગેવાનો અને કાર્યકર્તાઓ એ જહેવત ઉઠાવી તે બદલ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. અને જે કોઈ દાવેદારો માંથી એઆઈસીસી આગામી દિવસોમાં નવનિયુક્ત પ્રમુખની સતત સાથે રહી મહાનગરપાલિકાના ભ્રષ્ટાચારો અને લોક પ્રશ્નો અંગે લડતમાં ભાગીદાર બનશે તેની ખાતરી આપી હતી.

## પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ વિંછીયાના સનાળા ગામે નવા ચેકડેમનું ખાતમુર્હૂત કર્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

સ્થાનિક વોંકળા ઉપર પાણીના સંગ્રહ માટે નવો ચેકડેમ બન્યા બાદ ૨૦ હેક્ટર જમીનને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળશે. આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીએ કહ્યું કે, આ પંથકને પાણીદાર બનાવવા સરકાર કટિબદ્ધ છે. ખેડૂતો સમૃદ્ધ થાય, ગ્રામજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે રાજ્ય સરકારની અનેક લોક કલ્યાણ લક્ષી યોજનાઓ કાર્યરત છે.

રસ્તાઓ, શિક્ષણ, પીવાનું અને સિંચાઈનું પૂરતું પાણી, આરોગ્ય સહિતના ક્ષેત્રે નાગરિકોની સુખાકારી વધારવા આયોજનબધ્ધ કામગીરી થઈ રહી છે.

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, ચેકડેમની કામગીરી પૂર્ણ થયે ગામના ૧૦૦ જેટલા ખેડૂતોની ૨૦ હેક્ટર જેટલી જમીનને સિંચાઈનો લાભ મળશે. ડેમમાંથી પાણી ખાલી થયા બાદ જરૂર પડ્યે સૌની યોજનામાંથી ચેકડેમ ભરાય, તેવી વ્યવસ્થા કરાઈ છે, જેથી ખેડૂતોને સિંચાઈનો પૂરતો લાભ મળી રહે. આ ઉપરાંત, ગામના કુવા, બોર વગેરે રીચાર્જ કરવા સુજલામ સુફલામ જળસંચય યોજનાનો લાભ લેવા સિંચાઈ વિભાગનો સંપર્ક કરવા મંત્રીએ ગ્રામજનોને અપીલ કરી હતી. સિંચાઈ વિભાગનાં અધિક્ષક ઈજનેર પી.આર.ગૌસ્વામીએ સ્વાગત પ્રવચનમાં મંત્રીશ્રી તેમજ ગ્રામજનોને આવકારી ચેકડેમની જાણકારી આપી ઉમેર્યુ હતુ કે, ગામમાંથી પસાર થતા સ્થાનિક વોંકળા ઉપર આશરે ૨૪ મી. લંબાઈમાં કોંક્રીટનો ચેકડેમ બાંધવાથી કુલ કેચમેન્ટ એરીયા ૧૧.૮૫ ચો.કિમી. જેટલો રહેશે. ઉપરવાસમાં આશરે ૪૦૦ મીટર જેટલો પાણીનો ભરાવો થવાથી ૭૦ લાખ લીટર પાણીનો સંગ્રહ થશે. આ ઉપરાંત કુવાઓ ચાર્જ થશે અને જમીનમાં પાણીના તળ ઉંચા આવશે.

કાર્યક્રમની આભારવિધિ અગ્રણી અમરસિંહભાઈએ કરી હતી. આ તકે ગ્રામજનો તેમજ ગામના વિવિધ મંડળોએ મંત્રીને પાણીદાર મંત્રીનું બિરુદ આપી ગામમા વિકાસનાં કામો કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

